# મંત્રીશ્રી પગથિયુ ચૂકતાં ગબડી પડ્યા

**ધારાસભ્ય પગથિયુ ચૂકતાં લથડિયુ ખાઈ ગયા : સલામતિ સ્ટાફનો ડ્રેસ કોડ બદલાયો : સંકુલમાં વિધાનસભાના સચિવની ચેમ્બર અધ્યક્ષ-ઉપાધ્યક્ષની લાઈનમાં લવાઈ : મંત્રીઓને ત્રીજો માળ**

ગાંધીનગર, તા. ૧૯

રિનોવેશન બાદ આજે શાસ્ત્રોક્ત વિધિ અને યજ્ઞ-યજ્ઞાદિ વિધિ સંપન્ન થયા પછી રાજ્ય વિધાનસભાના નવા મકાનનું રાજ્યપાલશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ છે.

નવા રૂપરંગ સાથેના આ મકાનમાં ચોથો મજલો સમિતિ ખંડો માટે રાખવામાં આવ્યો છે. પ્રથમ અને બીજે મજલે વિધાનસભા સચિવાલયની શાખાઓ કાર્યાન્વીત કરી દેવામાં આવી છે. વિધાનસભાની રિપોર્ટર બ્રાન્ચને તો ફુગ્ગાઓના ગેટ બનાવી શણગારવામાં આવી હતી.

વિધાનસભાના સચિવાલયના સચિવની ચેમ્બર અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના કાર્યાલય સાથે જ રાખવામાં આવી છે. પત્રકારો માટેના રૂમ નાના બનાવવામાં આવ્યા છે તેમજ ત્યાં બેસી લખવાની સુવિધા



**વિધાનસભાના દ્વારેથી**

- પ્રકાશ જહા

અપાઈ નથી એટલુ જ નહિ ગૃહ સાથે કનેક્ટ ટી.વી. પણ રાખવામાં આવ્યુ નથી. અહિ સોફા મુકવામાં આવ્યા છે.

વિધાનસભાના ત્રીજા મજલે જ કેબિનેટ મંત્રીઓ અને રાજ્યમંત્રીઓને ચેમ્બર ફાળવવામાં આવી છે. આ ઉપરાંત વિધાનસભા ભવનમાં કેબિનેટ ખંડ મોટો બનાવવામાં આવ્યો છે એટલુ જ નહિ સચિવો માટેનો પ્રતીક્ષા ખંડ પણ મોટો બનાવવામાં આવ્યો છે.

પત્રકાર દિર્ઘામાં પણ પત્રકારો માટેની બેઠક વ્યવસ્થામાં ઘટાડો કરવા ઉપરાંત પત્રકારોની ગેલેરી પણ નાની કરવામાં આવી છે. વિધાનસભાના સભ્યોને બેસવા માટેની ખુરશીઓ પણ નાની કરવામાં આવી છે જે અગાઉ કમ્ફર્ટ હતી તે નવી વ્યવસ્થામાં દેખાતી નથી. ધારાસભ્યોને બેસવા માટે ૪ જુદા જુદા સ્લેબ આપી બેઠક વ્યવસ્થા ઉભી કરાઈ છે.

કુદરતી સૂર્યપ્રકાશ આ સંકુલમાંથી ગાયબ થયો છે અને લાઈટોના પ્રકાશથી અજવાળુ ઉભુ કરવામાં આવ્યુ છે. કોર્પોરેટ લુક આપવાની સાથે મંત્રીઓની એન્ટી ચેમ્બરો પણ દૂર કરાઈ છે એટલુ જ નહિ પ્રથમ મજલે જે પોડિયમમાં પ્રદર્શન હતા તે પણ હવે દૂર થયા છે.

**● નવા સંકુલમાં મંત્રી પડ્યા**

વિધાનસભા ગૃહમાં આજે મુકવામાં આવેલ સ્ટેપ ભુલી જતાં રાજ્યમંત્રી પુરૂષોત્તમભાઈ સોલંકી ગબડી પડ્યા હતા. જો કે આ પછી સાથી સભ્યોએ તેમને ટેકો આપી ઉભા કરી સ્થાન પર બેસાડ્યા હતા. જો કે પડી જવાથી તેમને કોઈ ઈજાઓ થઈ ન હતી.

આ પછી વિરામ બાદ પુનઃ ગૃહ મળ્યુ ત્યારે સ્ટેપ ચુકી જતાં કડીના ધારાસભ્ય કરશનભાઈ પણ ગબડી પડતાં બચી ગયા હતા અને લથડતાં લથડતાં તેમણે વ્યવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર



અક્ષરધામની મુલાકાતે કેનેડાના પ્રધાનમંત્રી - વિશ્વ પ્રસિદ્ધ ગાંધીનગર સ્થિત અક્ષરધામની મુલાકાતે સોમવારે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટુડો અને પરિવારજનો પધાર્યા હતા... કલાત્મક પરિસર અને હરિમંદિરની પ્રતિમાઓ નિહાળી મંત્રમુગ્ધ થયા હતા... બીએપીએસના વરિષ્ઠ સંત બ્રહ્મવિહારી સ્વામી તથા અક્ષરધામના સંતો-મહંતોએ કેનેડાના પ્રધાનમંત્રી અને પરિવાજનોને વિગતવાર માહિતી આપી હતી...

# ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રચાર-પડધમ શાંત

**૩૬ બેઠકો માટે ૮૩ ઉમેદવારો; ૨.૬૦ લાખ મતદારો : ૩૦૧ બુથ : ૫૦ જેટલા સંવેદનશીલ મતદાન મથકો : બે હજાર કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં જોતરાશે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકો માટે બુધવારે યોજાનાર મતદાનને લઈ આજે આ ચૂંટણી માટેનો જાહેર પ્રચાર પડધમ શાંત થયા છે. આજે જાહેર પ્રચાર અભિયાનના અંતિમ દિવસો ઘણા બધા ગ્રામ્ય વિસ્તારોમાં ઉમેદવારો દ્વારા તેમના સમર્થકો સાથે રેલીનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ સામાન્ય ચૂંટણી માટે ૩૦૧ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. ૨.૬૦ લાખથી વધુ મતદારો દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કરવામાં આવશે.

ચૂંટણી પ્રચાર અભિયાનમાં બન્ને પક્ષો દ્વારા આક્રમક રણનીતિ અપનાવવામાં આવી હતી. બન્ને પક્ષો દ્વારા તેમના ઉમેદવારોના બેનરો હોર્ડિંગ્સ તેમજ પક્ષના પ્રતીકવાળા ધ્વજો પણ ગ્રામ્ય વિસ્તારમાં લગાવવામાં આવ્યા હતા. ડોર ટુ ડોર અભિયાન ઉપરાંત આ પ્રચાર અભિયાનમાં સંગઠનના આગેવાનો, પંચાયતના સદસ્યો પણ જોડાયા હતા.

ચૂંટણીના કાર્યાલયો પણ કાર્યકરોની અવર-જવરથી ધમધમી ઉઠ્યા હતા. મોડી રાત સુધી આ કાર્યાલયો પર બેઠકો પણ ચાલતી હતી.

૮૩ ઉમેદવારો વચ્ચે આ જંગ લડાવાનો છે. દોલારાણા-વાસણા બેઠક પર બે તો રાંધેજા-૨ બેઠક પર ૩ અપક્ષ ઉમેદવારો, વાવોલ-૨, કોલવડા-૧, બેઠક પર પણ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. જો કે આ ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ રહેશે. ૨૮ બેઠકો પર આ બન્ને પક્ષો વચ્ચે સીધો જંગ ખેલાઈ રહ્યો છે.

મંગળવારે આ ચૂંટણી માટેનો પોલિંગ સ્ટાફ આજે સવારે સે. ૧૫ની આર્ટસ કોલેજ ખાતેથી

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ત્રણ મહિનામાં ૧૦૦ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકામાં આગામી ત્રણ માસમાં ૧૦૦ જેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. આ માટેની પરીક્ષાના આયોજનની સઘળી જવાબદારી ગુજરાત ટેકનોલોજી યુનિ.ને સોંપવામાં આવશે.

**આજે સ્થાયી સમિતિની મહત્વની બેઠક**

તાજેતરમાં જ મંજૂર થયેલા અંદાજપત્રમાં મહેકમ શાખાના રીસેટઅપ સાથે અસરકારક વહીવટ સેવાઓ બનાવવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

દરમ્યાન આજે મનવપાની સ્થાયી સમિતિની પણ એક મહત્વની બેઠક મળશે. જેમાં નવી ભરતી પ્રક્રિયા માટેની દરખાસ્ત સહિત નવી ૪ જેટલી બાબતો પર ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવનાર છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરમાં રખડતા કૂતરાઓની સમસ્યા હળવી બનાવવા માટે વધુ બે વાન ખરીદવા માટેની દરખાસ્ત પણ છે.

આ ઉપરાંત ગાંધીનગર શહેર માટે લેન્ડ ફિલ્ડ સાઈટ માટેની જગ્યા ફાળવણીના થયેલા હુકમને લઈ રૂપાંતર કરની રકમ ભરવા માટે મુલ્તવી રખાયેલ દરખાસ્ત આજે પુનઃ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે.

આ ઉપરાંત સફાઈ કર્મયોગીઓના અવસાનથી ખાલી પડેલી જગ્યાઓ પર તેમના આશ્રિતોને સમાવવા માટેની દરખાસ્ત પણ આજની બેઠકમાં વિચારણામાં લેવાશે.

# દિવસે ઉનાળા જેવો તાપ : મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રીએ પહોંચ્યુ

**આકરી ગરમી અનુભવતા નગરજનો વાતાવરણમાં બદલાવથી પ્રભાવિત ઠંડી અદ્રશ્ય : બેવડી ઋતુથી જનઆરોગ્યને વિપરિત અસર**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં આકરી ઠંડી બાદ હવે દિવસ દરમિયાન ગરમી ઉગ્ર બનતી જાય છે. દિવસ અને રાત્રિના બન્નેના તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહયો છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩ ડી ગ્રી એ પહોંચી જતા નગરજનોએ ઉનાળા જેવો આકરો તાપ અનુભવ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૫ ડી ગ્રી રહેતા ઠંડી પણ જાણે અદ્રશ્ય થઈ ગઈ હતી.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે. જો કે હવામાન શાસ્ત્રીના જણાંવ્યા મુજબ આગામી દિવસોમા મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળશે. અલબત્ત ગુજરાતમાં ગુલાબી ઠંડી સાથે માવઠુ થવાની શક્યતા પણ વ્યકત કરવામા આવી છે. આવા સંજોગોમાં રોજબરોજ મોસમના હાલહવાલ બદલાતા રહે છે. ત્યારે સતત બદલાતા વાતાવારણના લીધે જનઆરોગ્ય પણ પ્રભાવિત થયુ છે. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ઉંચકાતા નગરજનો દિવસે ઉનાળા જેવો આકરો તાપ અને

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભા સત્રનો તોફાની પ્રારંભ

**રૂપાણી રાજીનામુ આપે તેવી માંગની સાથે ઉગ્ર સુત્રોચ્ચાર : રાજયપાલના પ્રવચન દરમ્યાન કોંગ્રેસે જોરદાર હોબાળો મચાવતા પ્રવચન સમેટાયું : ગૃહની કાર્યવાહી મોકુફ રહી**

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત વિધાનસભાનું આજથી શરૂ થયેલું બજેટ અપેક્ષા મુજબ, હંગામા અને હોબાળા સાથે શરૂ થયું હતું. પહેલા જ દિવસે વિપક્ષ કોંગ્રેસે શાસક પક્ષ ભાજપ સામે બાંયો ચડાવી રાજયપાલના પ્રવચન દરમ્યાન જ જોરદાર હોબાળો મચાવી મૂકયો હતો. જેના કારણે રાજયપાલને માત્ર પાંચ જ મિનિટમાં પોતાનું પ્રવચન પૂરું કરવાની ફરજ પડી હતી. વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં જોરશોરથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના રાજીનામાની માંગણી કરવામાં આવી હતી. કોંગ્રેસના ધારાસભ્યોએ પાણી વગરના રૂપાણી રાજીનામુ આપો સહિતના જોરદાર સૂત્રોચ્ચાર અને હોબાળાથી ગૃહ ગજવી મૂકયું હતું. આજથી ૧૪મી વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થયું હતું, ત્યારે પ્રથમ દિવસે જ વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ આ વખતના સત્રમાં પોતાના મૂડનો પરિચય કરાવી દીધો હતો. વિધાનસભા ગૃહમાં નવા અધ્યક્ષપદની સર્વાનુમતે નિયુકિત બાદ રાજયપાલ ઓ.પી.કોહલી તેમનું વિશેષ પ્રવચન આપી રહ્યા હતા ત્યારે વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસના ધારાસભ્યોએ જોરદાર વિરોધ અને સૂત્રોચ્ચાર શરૂ કરી દીધો હતો. ધાનાણી સહિતના કોંગી ધારાસભ્યો રાજયપાલના પ્રવચન દરમ્યાન જ વેલમાં ધસી આવ્યા હતા અને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના રાજીનામાની ઉગ્ર માંગણી કરી હતી, જેને લઇ વાતાવરણ ગરમાયું હતું. કોંગ્રેસના ધારાસભ્યોએ પાણી વગરના રૂપાણી રાજીનામું આપો, દલિતોને ન્યાય આપો, ખેડૂતોને નર્મદાનું પાણી આપો સહિતના જોરદાર સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યોના શોરબકોર અને હોબાળાના કારણે કોઇ કાર્યવાહી થઇ શકે તેમ ન હતી અને કોંગ્રેસના જોરદાર વિરોધના કારણે છેવટે અડધાથી પોણા કલાક સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત રાખવામાં આવી હતી. કોંગ્રેસના ધારાસભ્યોના હોબાળાના કારણે રાજયપાલને તેમનું પ્રવચન પાંચ મિનિટમાં જ આટોપી લેવાની ફરજ પડી હતી. બાદમાં રાજયપાલ પરત ફરી રહ્યા હતા એ વખતે કોંગ્રસના ધારાસભ્યો એમ.પી.શાહ કમીશનનો અહેવાલ ગૃહમાં મૂકવાની માંગણી કરતા તેમના તરફ ધસી ગયા હતા ત્યારે ત્યાં હાજર સાર્જન્ટ્સે તેમને અટકાવ્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય વિરજી ઠુમ્મરે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિકાસની વાત થાય છે પરંતુ એમ.પી.શાહ કમીશનનો અહેવાલ ગૃહમાં કેમ રજૂ થતો નથી. ખેડૂતોને ટેકાના પૂરતા ભાવ મળતા નથી. નર્મદાનું સિંચાઇનું પાણી પણ ખેડૂતોને મળ્યું નથી તો વિકાસ કયાં છે? એમ કહી કોંગ્રેસના અન્ય સભ્યોએ પણ બળાપો ઠાલવ્યો



● અનુસંધાન પાન-૭ પર



શુભારંભ - રિનોવેટેડ વિધાનસભા સંકુલનો વિધિવત પ્રારંભ નામદાર રાજ્યપાલશ્રી ઓપી કોહલીજીએ રીબીન કાપી કર્યો હતો... આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નવ નિયુક્ત અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, વિપક્ષના નેતા પરેશ ધાનાણી તથા મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા..

# ખોરજ ખોડિયાર રૂટમાં ૪ કરોડના ખર્ચે અન્ડર બ્રિજ બનાવાશે

**ટ્રાફિકની સમસ્યા ન થાય તેમજ આગામી દિવસોમાં ટ્રેન સેવા અપગ્રેડ કરવા આયોજન**

ગાંધીનગર તા ૧૯

ખોરજ ખોડિયારથી ગાંધીનગર ટ્રેક વચ્ચે નવો અન્ડર બ્રીજ બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્ડર બ્રિજના નિર્માણ પાછળ રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આગામી દિવસોમાં ટ્રેઈન સેવા વધારવા તેમજ ટ્રાફિકની સમસ્યા પણ અડચણરૂપ ન બને તે માટે આ અન્ડર બ્રિજ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ બ્રિજ બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે.

ખોરજ ખોડિયારથી ગાંધીનગર વચ્ચેના રેલવે ટ્રેકને અનુલક્ષી નવો અન્ડરબ્રિજ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આગામી દિવસોમાં આ બ્રિજ બનાવાનુ કામ શરૂ કરી દેવાશે. ગાંધીનગર સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવે તે માટે અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈનો મળી નથી. જયારે સ્ટેશન પર મુસાફરલક્ષી સુવિધા પણ ઉપલબ્ધ નથી. જો કે આગામી દિવસોમાં નવી ટ્રેઈન સેવા ઉપલબ્ધ થાય તે માટે જરૂરી આનુસંગિક માળખાગત સુવિધાઓ ઉભી કરવા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com